**R. J. TIBREWAL COMMERCE COLLEGE, VASTRAPUR, AHMEDABAD**

**“કોમ્પ્યુટર પ્રોગ્રામર ” ની જગ્યા પર ભરતી માટેની લેખિત પરીક્ષા માટેનો પ્રવેશપત્ર**

# SAMPLE FORMAT

પ્રતિ,

______________________________________________________

**ઉમેદવારનો પરીક્ષા બેઠક ક્રમાંક : ______________________**

**વિષય : “ કોમ્પ્યુટર પ્રોગ્રામર ” ની જગ્યા પર ભરતી માટેની લેખિત પરીક્ષામાં હાજર રહેવા બાબત.**

**સંદર્ભ : લોક જાગૃતિ કેન્દ્ર, અમદાવાદ દ્વારા સંચાલિત આર. જે. તિબ્રેવાલ કોમર્સ કોલેજ, અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ જાહેરાત તા. 06-11-2025 ના રોજ દિવ્ય ભાસ્કર અને સંદેશ વર્તમાનપત્ર તથા અનુબંધન પોર્ટલ અન્વયે તમોએ કરેલ અરજી.**

લોક જાગૃતિ કેન્દ્ર, અમદાવાદ દ્વારા સંચાલિત આર. જે. તિબ્રેવાલ કોમર્સ કોલેજ - સંસ્થામાં કોમ્પ્યુટર પ્રોગ્રામર સંવર્ગની સીધી ભરતી કરવા માટે જાહેરાતના અનુસંધાનમાં આપે કરેલ ઉમેદવારી સંદર્ભે આપને આસંવર્ગની ભરતી માટે લેવાનાર લેખિત પરીક્ષામાં આપને ઉપસ્થિત રહેવા આ સાથેની શરતો ને આધીન રહીને પ્રવેશ આપવામાં આવે છે. ઉપર દર્શાવેલ પરીક્ષા બેઠક ક્રમાંક અનુસાર, નીચે જણાવેલ તારીખ અને સ્થળે આપને સ્વખર્ચે હાજર રહેવા આથી જણાવવામાં આવે છે.

| પરીક્ષા સ્થળ | હાજર થવાનો સમય | પરીક્ષા નો સમય | પરીક્ષાની તારીખ | નિરીક્ષક ની સહી |
|---|---|---|---|---|
| આર. જે. તિબ્રેવાલ કોમર્સ કોલેજ, એલ. જે. કેમ્પસ - વસ્ત્રાપુર , અમદાવાદ -૩૮૦૦૧૫ | બપોરના 12.00 | બપોરના 1.00 થી 4.00 | 15-03-2026 રવિવાર | |

**૧) ઉમેદવારે પરીક્ષા શરુ થવાના સમય કરતા ૬૦ મિનીટ અગાઉ પરીક્ષા કેન્દ્ર ખાતે આપની બેઠક પર હાજર થવાનું રહેશે,**

૨) આપે આ સાથેની ઉમેદવારો માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી તેનો પરીક્ષા દરમ્યાન અમલ કરવાનો રહેશે.

૩) આ કોલ લેટર મળ્યેથી અને લેખિત પરીક્ષા આપવાથી આપે જે અરજી કરેલ છે તેના પર નિમાણુંકનો કોઈ અધિકાર મળી જતો નથી કે આ પ્રકારનો અધિકાર કે કોઈ હક્ક કે દાવો કરી શકાશે નહિ.

કાર્યકારી આચાર્યશ્રી
આર. જે. તિબ્રેવાલ કોમર્સ કોલેજ

---

**R. J. TIBREWAL COMMERCE COLLEGE, VASTRAPUR, AHMEDABAD**

**“કોમ્પ્યુટર પ્રોગ્રામર ” ની જગ્યા પર ભરતી માટેની લેખિત પરીક્ષા માટેનો પ્રવેશપત્ર**

ઉમેદવારે અહી ફોટો ચોટાડી સહી કરવી

**કોમ્પ્યુટર પ્રોગ્રામર સંવર્ગની સીધી ભરતી માટેની લેખિત પરીક્ષા**

૧) ઉમેદવારનો પરીક્ષા બેઠક ક્રમાંક : ______________________

૨) ઉમેદવારનું પૂરું નામ : ________________________________________________________

૩) પરીક્ષા કેન્દ્રનું નામ અને સરનામું : આર. જે. તિબ્રેવાલ કોમર્સ કોલેજ, એલ. જે. કેમ્પસ – વસ્ત્રાપુર , અમદાવાદ -380015

**નીચેની વિગતો ઉમેદવારે પરીક્ષા ખંડમાં ભરવી**

| પરીક્ષાની તારીખ અને સમય | ઉમેદવારની સહી ( નિરીક્ષકની હાજરીમાં કરવી ) | નિરીક્ષકશ્રીની સહી |
|---|---|---|
| **તા. 15-03-2026 , રવિવાર**<br>**બપોરના 1.00 થી 4.00** | | |

**Appendix-F "કોમ્પ્યુટર પ્રોગ્રામર "**

**(Rule G(2),7,14(1))**

**તા.: 15/03/2026** (રવિવાર) **કુલ ગુણ : 210**

**પરીક્ષા સ્થળ પર હાજર થવાનો સમય : 12.00 NOON** **પરીક્ષાનો સમય: 1.00 PM થી 4.00 PM**

(1) પરીક્ષાનો અભ્યાસક્રમ અને વિષય ગુણભારાંક નીચે મુજબનું રહેશે.

**PART : A (પરીક્ષાનું માધ્યમ – ગુજરાતી)**

| ક્રમ | વિષય | કુલ ગુણ |
|---|---|---|
| 1 | તાર્કિક કસોટી | 30 ગુણ |
| 2 | ગાણિતિક કસોટી | 30 ગુણ |
| 3 | બંધારણ , વર્તમાન પ્રવાહો , અંગ્રેજી અને ગુજરાતી કોમ્પ્રીહેન્સન | 30 ગુણ |
| | **Total** | **90** ગુણ |

**PART : B**

| ક્રમ | વિષય | કુલ ગુણ |
|---|---|---|
| 1 | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | 120 ગુણ |
| | Problem solving through C , C++ , Python , Java , javascript , Learning Management system (Moodle), Canva, Hardware and networking relational, Database management system , Data structure , Data and Cyber security, Web technology | |

(2) પરીક્ષા શરુ થવાના નિર્ધારિત સમય કરતા 60 મિનીટ અગાઉ આપે નિયત પરીક્ષા કેન્દ્ર ખાતે આપની બેઠક ઉપર હાજર થવાનું રહેશે. **પરીક્ષા શરુ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહિ.**

(3) પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ **પ્રવેશપત્ર ફોટો સાથે અચૂક લાવવાનો રહેશે. પ્રવેશપત્ર નહીં લાવનાર ઉમેદવારને પરીક્ષાખંડમાં પ્રવેશ મળશે નહીં.**

(4) પરીક્ષામાં હાજરી આપતી વખતે **ઓળખ માટે ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધાર કાર્ડ પૈકી કોઈપણ એક અસલ (ઓરિજીનલ) ઓળખપત્ર સાથે લાવવાનું રહેશે તથા તેની ઝેરોક્ષ નકલ પ્રવેશપત્ર સાથે જમા કરાવવાની રહેશે.**

(5) **દરેક પ્રશ્ન 1 (એક) માર્ક્સનો રહેશે.**

(6) આ પરીક્ષાના પ્રશ્નપત્રના ઉત્તરપત્રમાં જવાબો OMR ( ઓપ્ટીકલ માર્ક રીડીગ ) પધ્ધતિ મુજબનું રહેશે.

(7) OMR પધ્ધતિથી ઉત્તરપત્રમાં જવાબો લખતા પહેલા તે અંગેની ઉત્તરપત્ર OMR અને પ્રશ્નપત્ર ઉપર આપેલી સૂચનાઓ અચૂકપણે વાંચવી.

(8) ખોટા જવાબ માટે પ્રશ્નદીઠ 0.25 નો નકારાત્મક ગુણ આપવામાં આવશે.

(9) ઉમેદવારે તમામ પ્રશ્નનો પ્રયાસ કરવાનો રહેશે.

(10) દરેક પ્રશ્નમાં "પ્રયાસ કર્યો નથી " નો એક વિકલ્પ **"E"** રહેશે. જો ઉમેદવાર જવાબ આપવાનો ઈરાદો ધરાવતો નથી, તો આ વિકલ્પ પસંદ કરી શકે છે. જો ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે છે તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહી.

(11) પ્રશ્નના આપેલા બધાં વિકલ્પોમાંથી કોઈપણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો મેળવેલ ગુણમાંથી પ્રશ્નદીઠ 0.25 ગુણ કમી (નકારાત્મક ગુણ) કરવામાં આવશે

(12) OMR પધ્ધતિથી ઉત્તરપત્રોની ચકાસણી સમયે ખોટા જવાબ, ચેકા-ચેક, એક થી વધારે જવાબો આપેલ હોય તેના જવાબોના ગુણ નું મૂલ્યાંકન નકારાત્મક ગુણ પધ્ધતિની 0.25 મુજબ ગણવામાં આવશે.

(13) આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં આપનો પ્રવેશ સંસ્થાની જાહેર ખબર અને તેને સૂચનાઓને આધારે આપે ભરેલ અરજીપત્રમાંની વિગતો અને તે હેઠળના સોગંધનામાના ખરાપણાને આધીન આપવામાં આવે છે જેમાં ભવિષ્યમાં ક્ષતિ જણાયે સંસ્થા ધ્વારા આપને કોઈપણ તબક્કે ગેરલાયક ઠરાવવામાં આવશે.

(14) આપ ગેરરીતિ કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિન અધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઈલ, કેલ્ક્યુલેટર વગેરે જેવા કોઈપણ વિજાણું સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો, તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

(15) હેતુલક્ષી પરીક્ષા હોવાથી પ્રશ્નપત્ર લખવાનો સમય પૂરો ન થાય ત્યાં સુધી પરીક્ષાખંડ છોડી શકાશે નહી અને **પ્રશ્નપત્ર સાથે લઈ જઈ શકશે નહીં .**

(16) ઉતરપત્રમાં **લખવા માટે કાળી બોલપેનનો જ ઉપયોગ** કરવો. પેન્સિલ અથવા અન્ય સહીનો ઉપયોગ કર્યો હશે તો ક્ષતિયુક્ત OMR ઉત્તરપત્ર રદ ગણીને કોમ્પુટર ઉત્તરપત્ર ચકાસશે નહિ. જેની જવાબદારી ઉમેદવારની રહેશે.

(17) ઉમેદવારે પરીક્ષાની શરૂઆતમાં હાજરીપત્રકની નીચેના ભાગનું અડધિયું તેમજ પરીક્ષા પૂર્ણ થયેથી ઉત્તરપત્ર (OMR SHEET) અને પ્રશ્નપત્ર પરીક્ષાખંડના નિરીક્ષકશ્રી ને પરત સોપ્યા બાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ ન કરનાર ઉમેદવારને પરીક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે. પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવાર ફક્ત પ્રવેશપત્રનો ઉપરનો અડધો ભાગ પોતાની પાસે રાખી શકશે.

(18) પરીક્ષા નું પરિણામ કોલેજની વેબસાઈટ https://rjtljinstitutes.org પર મૂકવામાં આવશે.

(19) પ્રશ્નપત્ર અને કામચલાઉ જવાબવાળી OMR Sheet 12 કલાક ની અંદર કોલજની વેબસાઈટ પર મૂકવામાં આવશે.

(20) પ્રશ્ન (Question) ની વાંધાઅરજીનું ફોર્મ વેબસાઈટ ઉપરથી મેળવી શકાશે અને તે 10 દિવસની સમય મર્યાદામાં આર.જે.તિબ્રેવાલ કોમર્સ કોલેજ વસ્ત્રાપુર ખાતે અધિકૃત માધ્યમ દ્વારા રજુ કરવાની રહેશે .

(21) Final Result, Exam પૂરી થયાના ઓછામાં ઓછા 10 દિવસ બાદ કોલેજની વેબસાઈટ પર મૂકવામાં આવશે.

(22) "મેરિટ યાદી ઉતરતા ક્રમમાં પાત્રતા અનુસાર તૈયાર કરવામાં આવશે : ઉમેદવારોએ ભાગ A માં ઓછામાં ઓછા 40% અને ભાગ B માં અલગથી ઓછામાં ઓછા 40% ગુણ મેળવવા આવશ્યક છે. માત્ર તે જ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે જેઓ બંને ભાગોમાં લઘુત્તમ પાસિંગ ગુણ મેળવેલ છે."

(23) કોમ્પ્યુટર પ્રોગ્રામરની પરીક્ષામાં PART B નું પેપર ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં હશે અને તેમાં અંગ્રેજી ભાષાને અધિકૃત ગણવામાં આવશે .

(24) **ચેતવણી :** સંસ્થા ધ્વારા થઈ રહેલ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યક્તિ ધ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ ઉપર કોઈપણ જાતની ભલામણ,લાગવગ, કે દબાણ લાવવાનો પ્રયાસ કરાશે તેવા ઉમેદવારને સંસ્થા ધ્વારા ગેરલાયક ઠરાવી શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

(25) **વિશેષ સુચના :** ઉમેદવારોને લાંચ રૂશ્વત/લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દુર રહેવા સાવધાન કરવામાં આવે છે.